# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-04-2024** **Evening: 7.10 to 7.20pm**
**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર અમિતા વાંઝા વાંચે છે.

---

- રાજ્યના તારવી કઢાયેલા 13 હજાર મતદાન મથકો પર મહિલાઓના મતદાનનું પ્રમાણ વધે તે માટે ચૂંટણીપંચ 20 લાખથી વધુ આમંત્રણ પત્રિકાઓ પાઠવશે.
- રાજયભરમાં આજથી ભાજપ દ્વારા મોદી પરિવાર સભાનો આરંભ થયો.
- રાજય સરકારે ચૂંટણીને ધ્યાનમાં રાખીને 7મી મે ના દિવસે રજા જાહેર કરી.
- નર્મદાની ઉત્તરવાહીની પરિક્રમાનો આજથી  આરંભ થયો.
- હવામાન વિભાગે ગુજરાતના દરિયાકિનારા વિસ્તારોમાં મહત્તમ તાપમાન તેમજ ભેજવાળું હવામાન રહેવાની આગાહી કરી.

-----------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## GUJ. ELECTION

રાજ્યના 13 હજાર કરતાં વધુ મતદાન મથકોમાં મહિલા મતદારોની મતદાનમાં સહભાગીતા વધારવા રાજ્યના ચૂંટણી તંત્ર દ્વારા વિશેષ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ગત વિધાનસભાની ચૂંટણીમાં કુલ મતદાન 50 ટકા કરતાં ઓછું હોય તેવા લગભગ 13 હજાર મતદાન મથકોની ઓળખ કરવામાં આવી છે. આ મતદાન મથકો પર મતદાનનું પ્રમાણ વધે, તે માટે ગ્રામીણ કક્ષાએ જિલ્લા વિકાસ અધિકારીઓ અને શહેર કક્ષાએ નાયબ મ્યુનિસિપલ કમિશનર્સની, મતદાન અમલીકરણ યોજનાના નોડલ ઓફિસર તરીકે નિયુક્તિ કરવામાં આવી છે.

રાજ્યના તારવી કઢાયેલા લગભગ 13 હજાર મતદાન મથકો પર મહિલાઓના મતદાનનું પ્રમાણ વધે તે માટે રાજ્યભરમાં મતદાન કરવા અનુરોધ કરતી 20 લાખથી વધુ આમંત્રણ પત્રિકાઓ પાઠવવામાં આવશે.

આ ઉપરાંત ઓછા મતદાનના કારણો અંગે ચર્ચા કરવા તેમજ મહત્તમ નાગરિકો મતદાન કરે તે માટેના પ્રયાસો કરવા તમામ મતદાન મથકો પર ચૂંટણી પાઠશાળાનું આયોજન કરવા તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓને નિર્દેશ અપાયા છે.

જે અંતર્ગત આશા વર્કર, આંગણવાડી કાર્યકર, બુથ લેવલ ઑફિસર, શાળાના આચાર્ય, તલાટી, ગ્રામ સેવક, ગામના બિનરાજકીય સામાજિક આગેવાન અને સ્વસહાય જૂથના સભ્યો દ્વારા શેરી બેઠકો યોજવામાં આવશે.

## 2ND PHASE- NOMINATION WITHDRAWAL

લોકસભાની આગામી 26 એપ્રિલે યોજાનારી બીજા તબક્કાની ચૂંટણી માટે ઉમેદવારી પત્રો પાછા ખેંચવાનોં આજે છેલ્લો દિવસ હતો. બીજા તબક્કામાં, 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો અને બાહ્ય મણિપુર લોકસભા મતવિસ્તારના બાકીના ભાગની લોકસભાની 88 બેઠકો માટે મતદાન યોજાશે.

આ બેઠકોમાં કેરળની લોકસભાની 20, કર્ણાટકની 14, રાજસ્થાનની 13, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રની આઠ-આઠ, મધ્યપ્રદેશની સાત, આસામ અને બિહારની પાંચ, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢની દરેકની ત્રણ અને મણિપુર, ત્રિપુરા અને જમ્મુ-કાશ્મીરની બેઠકો માટે 26મી એપ્રિલે મતદાન થશે. મતગણતરી આગામી ચોથી જૂને હાથ ધરાશે.

## Modi Parivar Sabha

રાજયભરમાં આજથી ભાજપ દ્વારા મોદી પરિવાર સભાની શરૂઆત કરવામાં આવી છે. રાજયમાં દર ત્રણ શક્તિકેન્દ્રદીઠ અથવા દસથી બાર બુથ વચ્ચે એક મોદી પરિવાર સભા યોજાશે.

અમદાવાદ મીડીયા સેન્ટર ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં પ્રદેશ મહામંત્રી રજનીભાઇ પટેલ, ચૂંટણી પ્રબંધન સમિતિના સંયોજક આઇ.કે.જાડેજા અને પ્રદેશના સંયોજક મનીષ પટેલે મોદી પરિવાર સભા અંગે માહીતી આપી હતી. તેઓએ જણાવ્યું કે, મોદી પરિવાર સભામાં 700 જેટલા વકતાઓ કેન્દ્રની એન.ડી.એ. સરકારે પાછલા દસ વર્ષમાં કરેલા વિવિધ કામોની માહીતી નાગરિકોને આપવામાં આવશે.

## Chief Minister Tharad

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે થરાદમાં યોજાયેલી સભામાં કોંગ્રેસના અનેક હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ભાજપમાં જોડાયા હતા.

અમારા બનાસકાંઠા જીલ્લાના પ્રતિનિધિ સરફરાજ નાગોરી જણાવે છે કે, કોંગ્રેસના પૂર્વ પ્રદેશ મહામંત્રી અને રાજપુત સમાજના અગ્રણી ડી.ડી.રાજપુત, કોંગ્રેસ જિલ્લાના પૂર્વ યુવક પ્રમુખ ભગવાન જોષી સહિત કોંગ્રેસના અનેક હોદ્દેદારો, કાર્યકરો અને ક્ષત્રિય સમાજના કેટલાક લોકો ભાજપમાં જોડાયા હતા. ભાજપમાં જોડાયેલા તમામ લોકોને મુખ્યમંત્રીએ આવકાર્યા હતા.

## C.R.Patil Booth Convention

પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલની અધ્યક્ષતામાં દાહોદ જીલ્લાનું બુથ પ્રમુખ સંમેલન ઝાલોદ ખાતે યોજાઇ ગયું.

આ કાર્યક્રમમાં લીમખેડા યુથ કોંગ્રેસના પ્રમુખ રમેશભાઇ ગોંદિયા, રાજેશભાઇ ગોંદિયા, લીમખેડા વિધાનસભા કોંગ્રેસના પૂર્વ ઉમેદવાર રમેશભાઇ બદિયા સહિત તેમના સમર્થકો કેસરિયો ધારણ કરી ભાજપમાં જોડાયા.

## CONGRESS-BJP

કોંગ્રેસે સત્તાધારી ભાજપ પોતાના દસ વર્ષના કાર્યકાળમાં કરેલી કામગીરી દર્શાવવાના બદલે દેશમાં ધર્મના આધારે વિભાજન કરી રહ્યો હોવાનો આક્ષેપ કર્યો છે. નવી દિલ્હીમાં યોજાયેલી પત્રકાર પરિષદમાં કોંગ્રેસના પ્રવક્તા સુપ્રિયા શ્રીનેતે

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રીએ કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરા અંગે કરેલા અવલોકનને વખોડી કાઢ્યો છે.

ઉલ્લેખનીય છે કે, શ્રી મોદીએ કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરા ઉપર મુસ્લિમ લીગની છાપ હોવાનો આક્ષેપ કર્યો હતો. દરમિયાન, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાએ પણ કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરાની ટીકા કરતાં જણાવ્યું છે કે, આ ચૂંટણી ઢંઢેરો કોંગ્રેસનો છે કે મુસ્લિમ લીગનો તે બાબત સ્પષ્ટ થતી નથી.

કોંગ્રેસે ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી દ્વારા કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરા અંગે કરાયેલા અવલોકનો બાબતે કેન્દ્રીય ચૂંટણી પંચ સમક્ષ વિરોધ નોંધાવ્યો છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા સલમાન ખુરશીદના વડપણ હેઠળ પક્ષના પ્રતિનિધી મંડળે આજે દિલ્હીમાં ચૂંટણી પંચ સમક્ષ વિરોધ નોંધાવ્યો છે.

## Manish Doshi Congress

દરમ્યાન, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવકતા મનીષ દોશીએ ગુજરાતમાં વધતા જતા ગુનાઓ અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે આક્ષેપ કર્યો છે કે, ગુજરાતમાં દિન પ્રતિદિન ગુનાઓનું પ્રમાણ વધતું જાય છે. તેમાં ખાસ કરીને બાળકો અને મહિલાઓ સામેના ગુનાઓનું પ્રમાણ વધ્યું છે.

## AAP- BJP

આમ આદમી પક્ષના નેતા સંજયસિંહે વર્તમાન ભાજપ સરકાર સામે ઇલેકટ્રલ બોન્ડના નામે ભ્રષ્ટાચાર કર્યો હોવાનો આક્ષેપ કર્યો છે. તેમણે એવો દાવો કર્યો છે કે, ભાજપને દાન આપનાર કંપનીઓને વેરામાં રાહતો અપાઇ છે. તેમણે વધુમાં કહ્યું કે, જે ૩૩ કંપનીઓએ છેલ્લા સાત વર્ષમાં એક લાખ કરોડ રૂપિયાથી વધુની ખોટ કરી છે એવી કંપનીઓએ ભાજપને 450 કરોડ રૂપિયાનું ડોનેશન આપ્યું છે.

એવી જ રીતે, કેટલીક કંપનીઓએ પોતાને થયેલા લાભથી પણ વધુ ડોનેશન ભાજપને આપ્યું છે. ઉલ્લેખનીય છે કે, સર્વોચ્ચ અદાલતે દિલ્હી એક્સાઇઝ

નિતી કેસમાં આપના નેતા સંજયસિંહના જામીન મંજૂર કર્યા બાદ તેઓએ સત્તાધારી પક્ષ સામે આક્રમક વલણ અપનાવ્યું છે.

## May 7 holiday

રાજય સરકારે 7મી મે 2024ના દિવસે જાહેર રજાની જાહેર છે. લોકપ્રતિનિધિત્વ અધિનિયમ 1951ના 135ના આદેશથી પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. આ દિવસે રાજયમાં લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં મતદાન યોજાશે. રાજયની તમામ 26 લોકસભા બેઠકો અને 5 વિધાનસભા બેઠકો પર એક સાથે 7મી મે ના રોજ મતદાન થશે.

સરકારની આ જાહેરાત રાજયની તમામ ફેકટરીઓ, કોમર્શિયલ સેકટર, બેન્કિંગ અને અન્ય ક્ષેત્રોમાં કામ કરતા કર્મચારીઓને લાગુ પડશે. સરકારી પરિપત્ર મુજબ પેઇડ રજાનો લાભ લોકસભા મતવિસ્તારમાં નોંધાયેલા મતદારોને મળશે પછી ભલે તેઓ મતવિસ્તારની બહારના સ્થળોએ કામ કરતા હોય.

## MUST ANNOUNCEMENT

એક અગત્યની જાહેરાત...

આકાશવાણી પરથી આજે રાત્રે સાડા નવ વાગ્યે પ્રસારિત થનાર પબ્લિક સ્પીક ફોન ઇન કાર્યક્રમમાં અદના નાગરિક માટે ઉપલબ્ધ પેન્શનના વિકલ્પો આ વિષય ઉપર ચર્ચા પ્રસારિત થશે. જેમાં આર્થિક બાબતોના નિષ્ણાંત બળવંત જૈન અને શરદ કોહલી ભાગ લેશે.

શ્રોતાઓ આ કાર્યક્રમ દરમિયાન પોતાના પ્રશ્નો વક્તાઓને પૂછી શકે છે. આ માટે શ્રોતાઓ ટેલિફોન નંબર 011 - 23421050 અને 011 – 23314444 તેમજ વોટ્સએપ નંબર 9289094044 દ્વારા પોતાના પ્રશ્નો રજૂ કરી શકશે. આ કાર્યક્રમ આકાશવાણીની ગોલ્ડ ચેનલ અને વધારાની ફ્રિકવન્સીઓ પરથી પ્રસારીત થશે.

અગત્યની જાહેરાત પૂરી થઇ....

## Narmada---Uttaravahi Parikrama

નર્મદાની ઉત્તરવાહીની પરિક્રમા આજથી શરૂ થઈ 8મી મે, 2024 સુધી ચાલશે.

પરિક્રમા અર્થે આવતા શ્રદ્ધાળુઓને કોઈ મુશ્કેલી ન પડે તેને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પુરતી કાળજી સાથે વિવિધ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. નર્મદા પરિક્રમાનો રૂટ પણ યથાવત રહેશે.

પરિક્રમા શરૂ થવાના પૂર્વે જિલ્લા કલેક્ટર શ્વેતા તેવતિયા એ શનિવારે સાંજે સ્થળ પર જઈ રામપુરા ઘાટ અને શહેરાવ ઘાટ ખાતે નાવડીઓની કરાયેલી સુવિધાઓ, શ્રદ્ધાળુઓ માટે વિસામો, પરિક્રમા પથ સહિત સુરક્ષા વ્યવસ્થા અંગેની ઝીણવટભરી સમીક્ષા કરી હતી. તેમજ નાવડી સંચાલકો અને શ્રદ્ધાળુઓ માટે સુવિધાની કામગીરી કરી રહેલી એજન્સીના પ્રતિનિધિઓ સાથે જરૂરી ચર્ચા કરી કેટલાંક સૂચનો કર્યા હતા.

અમારા પ્રતિનિધિ દિપક જગતાપ સાથે પરિક્રમામાં આવેલા શ્રદ્ધાળુઓએ પોતાના અનુભવ જણાવતા આ મુજબ જણાવ્યું,

(બાઈટ – નીતિન ભટ્ટ, નિપાબેન)

## Chaitri Navratri

આવતીકાલથી ચૈત્રી નવરાત્રિનો પ્રારંભ થશે. શક્તિપીઠ અંબાજી, પાવાગઢ સહિત બહુચરાજી મંદિરે વિશિષ્ટ આયોજનો કરવામાં આવ્યાં છે.

શક્તિપીઠ અંબાજી ખાતે આવતીકાલે સવાનવથી ઘટસ્થાપન કરવામાં આવશે. તેમજ આવતીકાલથી 16 એપ્રિલ દરમ્યાન આરતી અને દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

પાવાગઢ શક્તિપીઠ ખાતે ભક્તોને સરળતાથી દર્શન થઈ શકે તે માટે યાત્રાળુઓને આવવા- જવા માટે વન વે પથ તૈયાર કરાયો છે. તળેથીથી માચી સુધી ખાનગી વાહનો લઈ જવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. નવેનવ દિવસ પાવાગઢ શક્તદિપીઠ ખાતે માતાજીના ચંડીપાઠ સાથે રોજ નિતનવા શણગારો થશે. આ સાથે

45 ટન સુખડિનો પ્રસાદ પણ બનાવવામાં આવશે. અને એ પ્રસાદ ભક્તોને આપવામાં આવશે.

પાવાગઢ મહાકાળી મંદિરના દર્શનાર્થે આવનાર ભક્તોની સગવડતા માટે રોપ-વેની કામગીરીના સમયમાં તંત્ર દ્વારા ફેરફાર કરાયો છે. તારીખ ૦૯ એપ્રિલ અને ૧૪ અને ૧૬ ,૨૧ અને ૨૩ એપ્રિલે  રોપ વે ટિકિટ બારી સવારે ૪ વાગ્યે શરૂ થશે અને રોપ વે સર્વિસ સવારે ૫ વાગ્યે શરૂ કરાશે.

૧૦ ,૧૧,૧૨, ૧૩ અને ૧૫ એપ્રિલ જ્યારે ૧૭ એપ્રિલથી ૨૦ એપ્રિલ સુધી રોપ વે ટિકિટ બારી સવારે ૫ વાગ્યે અને રોપ વે સર્વિસ સવારે ૬ વાગ્યે શરૂ કરાશે.

## IMD---HEAT-WAVE

હવામાન વિભાગે ગુજરાતના દરિયાકિનારા વિસ્તારોમાં મહત્તમ તાપમાન તેમજ ભેજવાળું હવામાન રહેવાની આગાહી કરી છે.

તો બીજી તરફ, રાજ્યમાં ઘણા સ્થળે આગામી સાત દિવસમાં હળવોથી મધ્યમ વરસાદ થવાની સંભાવના દર્શાવી છે.

ગુજરાતમાં અને દરિયાકાંઠાના વિસ્તારોમાં આગામી ચાર દિવસ સુધી હવામાન શુષ્ક રહેશે. એના પછીના બે દિવસ દરમિયાન વલસાડ, નવસારી, સુરત, કચ્છ, બનાસકાંઠા જિલ્લામાં હળવો વરસાદ થવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. અમદાવાદ અને ગાંધીનગરમાં તાપમાન ૩૭ ડિગ્રી સુધી રહેશે. હવામાન ખાતાના વરિષ્ઠ વૈજ્ઞાનિક રામાશ્રેય યાદવે વધુ માહિતી આપતા આ મુજબ જણાવ્યું,